# જૂની સંસ્થાઓ મરે છે, નવી જન્મે છે

ભારત આઝાદ થયું ત્યારબાદ વિવિધક્ષેત્રોમાં સમાજની ભાગીદારીથી જે તે ક્ષેત્રનો વિકાસ કરવાનું સરકારે નકકી કરેલ. તેમાનું એલ ક્ષેત્ર શિક્ષણક્ષેત્ર પણ હતું. શિક્ષણ જેવા પવિત્ર વ્યવસાયમાં ભારતમાં ઘણાં લોકો, મંડળો, ટ્રસ્ટ કે અન્ય સેવાભાવી સંસ્થાઓએ સેવા કરવાના ઉદ્દેશ સાથે ઝપલાવ્યું હતું. જેને કારણે ભારતમાં શિક્ષણનો વ્યાપ ઝડપથી વધ્યો હતો, એટલું જ નહીં જે તે સંસ્થાનો ઉદેશ સેવા હોવાને કારણે મૂલ્યલક્ષી શિક્ષણ પર ભાર અપાતો હતો અને સમાજમાં સારાં એવા પ્રમાણમાં વિવિધ પ્રકારના મૂલ્યોનો ફેલાવો થયો હતો. જે તે સમયે ભારતીય શિક્ષણ પર વેદ, કુરાન,ગાંધીજી, વિનોબા, ટાગોર, વિવેકાનંદ, અરવિંદ,ઝાકીર હુસેન, કૃષ્ણમૂર્તિ, રાધાકૃષ્ણન,નાનાભાઇ, ગીજુભાઇ વગેરેના વિચારોની ઊંડી છાપ જોવા મળતી હતી. પરંતુ સમય જતાં સાપ ગયાને લીસોટા રહ્યાં જેવી પરિસ્થિતિ સર્જાઇ છે. જેનાં અનેક કારણો છે, પરંતુ જે તે સમયે ખૂલેલી શૈક્ષણિક સંસ્થાઓએ લગભગ પચાસેક વર્ષ સુધી સમાજ પર પોતાનો પ્રભાવ જાળવી રાખ્યો હતો, જે અત્યારે દેખાતો નથી. ચોક્કસ સંસ્થામાં અભ્યાસ કરવો એ ગૌરવ ગણાતું હતું, ચોક્કસ સંસ્થામાં અભ્યાસ કરેલાને નોકરી માટે સામા પગલે બોલાવવામાં આવતા હતાં. એવી અનેકાનેક સંસ્થાના કર્મચારીનું પણ સમાજમાં ખૂબ જ આદરભર્યું સ્થાન હતું. પણ એવું તો શું થયું કે, તે સંસ્થાઓ તૂટવા લાગી અને અંતે બંધ પણ થવા લાગી છે. આજે તેવી મોટાભાગની સંસ્થાઓ ડચકા ખાઇને જીવી રહી છે, તો ઘણી બધી સંસ્થાઓ બંધ પણ થઇ ગઇ છે.

જૂની અને નવી સંસ્થાઓ વચ્ચે તપાવત પાડનાર જો કોઇ સૌથી મોટું પરિબળ હોય તો તે છે આર્થિક પરિબળ. જૂની સંસ્થાઓ સેવાના હેતુથી શરૂ થયેલી, જેથી તે સંસ્થાઓ લોક સહયોગ દ્વારા શરૂ કરેલ. જ્યાં ભ્રષ્ટાચાર કે નફાનો હેતુ નહતો. જેથી તેમનો ખર્ચ માંડમાંડ કાઢી શકતી હતી. જ્યારે નવી સંસ્થાઓ આર્થિક રીતે ખૂબ જ સદ્ધર ગણાતી વ્યક્તિ કે મંડળ કે સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવે છે. જેમની પાસે પૈસાનો કોઇ તોટો નથી, ઉપરાંત તેમનો હેતુ મોટાભાગે નફાનો છે. ઊચી ફી લઇને આ સંસ્થાઓ વદારે ધનાઢ્ય થતી જાય છે. જેથી જરૂર કરતાં પણ વધારે ખર્ચ કરવામાં પાછળ પડતી નથી, જ્યારે જૂની સંસ્થાઓ જરૂરી કે આકસ્મિકખર્ચ પણ પૂરા પ્રમાણમાં કરી શકતી નથી.

જૂની સંસ્થાઓ જ્યારે શરૂ કરવામાં આવેલી ત્યારે જે તે સમયની જરૂરિયાત-માંગને આધારે શરૂ થયેલી. જેથી જે તે સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખી સંસ્થાઓએ સગવડતા ઊભી કરેલી. જેમકે મકાન અને મકાનની રચના. પણ સમય જતાં પરિસ્થિતિ બદલાતા જરૂરિયાતમાં પણ ફેરફાર થવા માંડયા. આ જરૂરિયાત બે પ્રકારની બદલાઇ. એક તો વસ્તી વધતાં અને નિરક્ષરતાનું પ્રમાણ ઘટતાં વિદ્યાર્થી સંખ્યામાં વધારો થવા લાગ્યો, તો સાથે વિવિધ પ્રકારના અભ્યાસક્રમો આવતા ગયા, સાથે અભ્યાસના વિષયવસ્તુમાં પણ વધારો થવા લાગ્યો, જેથી શૈક્ષણિક સાધનસામગ્રી, વિવિધ પ્રકારના ખંડોની આવશ્યકતા ઊભી થવા લાગી. આમ જોતાં વિદ્યાર્થી સંખ્યા વધવા લાગી, સાથે શૈક્ષણિક જરૂરિયાતને પહોંચી વળવા મોટા મકાનો કે વધરે ઓરડાની જરૂર પડવા લાગી. જે જરૂરિયાત પૂર્ણ કરવા જૂનામાં ફેરફાર કરવો કે નવી વ્યવસ્થા ઊભી કરવાનું જૂની સંસ્થાઓ માટે અશક્ય હતુ. કારણ કે વધારાની જગ્યા જ તેમની પાસે નહોતી કે જેથી તેઓ તેનો વ્યાપ અને વિસ્તાર વધારી શકે, નવું બાંધકામ કરી શકે. તો બીજી બાજું નવી સંસ્થાઓ વિદ્યાર્થીની અપેક્ષા અને જરૂરિયાતને ધ્યાનમાં રાખી ખૂબ જ આકર્ષક મોટા મકાનો બનાવીને વિદ્યાર્થી અને વાલીને આકર્ષવામાં સફળ રહ્યાં.

જૂની સંસ્થાઓ શરૂ કરવા પાછળનો મુખ્ય હેતુ સમાજની જરૂરિયાત હતી, સેવા એ જ લક્ષ્ય હતું. જેની કારણે આવી સંસ્થાઓ સતત આર્થિક ભીડમાં જ રહેતી. સમાજમાંથી લોક સહકારથી કે સંચાલકો પોતાની મૂડીમાંથી આવી સંસ્થા ચલાવતા હતા. જેથી વદારાનું બેંક બેલેન્સ તેમની પાસે હોય જ નહીં. આ ઉપરાંત આવી સંસ્થાઓ ડોનેશન કે ભ્રષ્ટાચારથી જોજનો દૂર હતી. જેના કારણે વદારાના બે રૂપિયા પણ ખર્ચ કરવો હોય તો તેમણે ચારવાર વિચાર કરવો પડતો. જેથી નવી આધુનિક સગવડતાઓ, નવા આયામો મુજબની જરૂરિયાતો ઊંભી

કરવાનું આવી જૂની સંસ્થાઓ માટે અશક્ય હતું. જેની સામે નવી સંસ્થાઓ ખોલવા માંગતા લોકો પાસે વિપુલ પ્રમાણમાં નાણાં છે. જેના કારણે આકર્ષક બિલ્ડિંગથી માંડીને સારામાં સારા આધુનિક શૈક્ષણિક સાધનો કે અન્ય જરૂરિયાતો વસાવવામાં તેમને સહેજ પણ આંચકો લાગતો નથી. ઉપરાંત આવી સંસ્થાઓ મોટાભાગે ડોનેશન લે છે અથવા તો કેટલાક પ્રમાણમાં ભ્રષ્ટાચારનો સહારો લઇને પણ પોતે આર્થિક સદ્ધર બનતી જાય છે. ટૂંકમાં, નવી શરૂ થતી મોટાભાગની સંસ્થાને કોઇ પ્રકારની આર્થિક સંકડામણ પડતી નથી, હા .. ક્યારેક નફામાં ઘટ જોવા મળે.

જૂની સંસ્થાઓ નૈતિક મૂલ્યો પર વધારે ભાર આપતી હતી. શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીમાં ચારિત્ર્ય અને અન્ય મૂલ્યોનો વિકાસ કરવામાં તેઓ સતત મથામણ કરતાં હતાં. તેઓ જ્ઞાન કરતાં મૂલ્યોને વધારે પ્રાધાન્ય આપતાં. તો બીજી બાજું નવી સંસ્થાઉઁ મૂલ્યો કરતાં જ્ઞાનને વદારે મહત્ત્વ આપવા લાગી. અહીં મૂલ્યો કરતાં વિદ્યાર્થીને પ્રીક્ષામાં કેવી રીતે પાસ થવાય અને વધુ ટકા મેળવાય તેની પર ભાર અપાવા લાગ્યો. અને આજના જમાનામાં ઉચ્ચ લેવલ પર પ્રવેશ માટે મૂલ્યો નહીં, માર્કશીટના ટકા જોવાવા લાગ્યા. જેના કારને વાલીઓ પણ નવી સંસ્થા તરફ આકર્ષવા લાગ્યા. જ્યારે જૂની સંસ્થાઓ સાંપ્રત માંગ સાથે કદમ મિલાવી ન શકી. પોતાની જૂની ફિલોસોફીને પકડી રાખી, પરંતુ નવી તરાહ સાથે પગ મીલાવી શક્યા નહીં .જેથી વિદ્યાર્થી અને વાલી આવી સંસ્થાઓથી દૂર થવા લાગ્યા.

સમય બદલાતા વિદ્યાર્થીના રસરુચિ પણ બદલાવા લાગ્યા. જેના કારણે સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ બદલાવ આવતો ગયો. જૂની રમતોની જગ્યાએ નવી રમતો આવવા લાગી, સાંસ્કૃતિક વિકાસ કરવા માટે વિવિધ પ્રકારની ઇવન્ટ કે હરીફાઇ નવી સંસ્થાઓ શોધી લાવ્યા. જેના કારણે આજનો હાઇફાઇ વિદ્યાર્થી તેની તરફ આકર્ષાયો અને તેમ કરવામાં ગૌરવ પણ અનુભવવા લાગ્યો. આવા વિદ્યાર્થીઓના સમુહ વધતાં ગયા. જેની અસર જૂના વિચારો, ખ્યાલો ધરાવતી, પરંપરામાં જ માનતી જૂની સંસ્થાઓ પર થવા લાગી. આવી સંસ્થાઓમાં પોતાની જરૂરિયાત, રસરુચિ ન સંતોષાતા વિદ્યાર્થીઓ તેનાથી દૂર થવા લાગ્યા. જેથી આવી સંસ્થાઓ મરવા લાગી અને જેનો લાભ લઇને નવી સંસ્થાઓ જન્મવા લાગી.

નવી સંસ્થાઓ વિદ્યાર્થીને આકર્ષવા માટે વિવિધ પ્રકારની આધુનિક યુક્તિઓ અપનાવવા લાગી. પ્રચાર અને પ્રસારમાં પાવરધી બની. નવા અભ્યાસક્રમો, નવા પ્રવાહો અપનાવવા લાગી. જેનો ભપકો વાલી સામે અવ્વલ નંબરે કરવા પણ લાગી. બેસવાની પાટલીથી માંડીને તાસ બદલતા ઘંટમાં, લાયબ્રેરીથી લેબોરેટરી, વિદ્યાર્થીના યુનિફોર્મથી શિક્ષકના વર્તન વ્યવહારમાં, વીજળીથી ચાલતા ખટખટ કરતા પંખાને સ્થાને એ.સી. જેવી આધુનિકતાને જ મહત્ત્વ આપ્યું. જૂની સંસ્થાઓ પાસે લાચાર નજરે જોયા સિવાય બીજો કોઇ વિકલ્પ જ નથી. કારણ કે આવું કરવા આવી સંસ્થાઓ ટેવાયેલી નથી અને જોઇને કરવા જાય તેવી તાકાત નથી. આમછતાં એટલું કબૂલ કરવું જ રહ્યું કે, આવી જૂની સંસ્થાઓને કારણે જ આજે આપણે શિક્ષણમાં આ સ્તર સુધી આગળ વધી શક્યા છીએ. હા... આધુનિકતામાં પ્રવેશ કરાવવામાં નવીં સંસ્થાઓ જશ લઇ જશે. શિક્ષણ જે પવિત્ર વ્યવસાય ગણાય છે અને તેની સાથે સંકળાયેલ વ્યક્તિઓનું સમાજમાં જે માનપાન છે તે જૂની સંસ્થાઓને કારણે છે, તો શિક્ષણને ધંધાદારી બનાવવામાં અને શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિઓને ભ્રષ્ટાચારીનું બિરુદ અપાવવાનો અપયશ નવી સંસ્થાઓ જ અપાવશે. સમાજમાં જે મૂલ્યો પ્રસ્થાપિત છે તે શિક્ષણની જૂની સંસ્થાઓને કારને છે, તો ડોનેશન આપીને એડમિશન લેતા કે ભ્રષ્ટાચાર આચરીને વધુ પરિણામ મેળવતા વિદ્યાર્થીઓમાં મૂલ્યો ભૂંસવાનું કામ પણ આજની નવી સંસ્થાઓને આભારી હશે. આમછતાં હકારાત્મક વિચારસરણી રાખીને વિચારીએ તો, જૂની અને નવી બંને સંસ્થાઓએ પોતાની ફિલોસોફિમાં બદલાવ કરીને વધુ શૈક્ષણિક અને સામાજિક બનવાની જરૂર છે.